# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02/06/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર મિતલ પટેલ વાંચે છે.

---

1. **આજથી ઓપરેશન મ્યુલ હંટ અંતર્ગત રાજ્યભરમાં મ્યુલ એકાઉન્ટ સર્જીકલ સ્ટ્રાઈક થશે.**
2. **મે માસ દરમિયાન 16 ટકાના વધારા સાથે 7 હજાર 262 કરોડ રૂપિયાની રાજ્યમાં જીએસટીની આવક થઇ.**
3. **પાંચ દિવસની વરસાદની આગાહી વચ્ચે રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદી ઝાપટાં.**
4. **આજથી અમદાવાદની સાબરમતી નદીમાં પાંચમી જૂન સુધી મહાસફાઇ અભિયાન.**
5. **રાજ્યની સરકારી યુનિવર્સિટીઓમાં પંદરમી જૂનથી નવા શૈક્ષણિક સત્રનો આરંભ થશે.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# CYBER CRIME MEETING

આજથી ઓપરેશન મ્યુલ હંટ અંતર્ગત રાજ્યભરના તમામ જિલ્લાઓમાં મ્યુલ એકાઉન્ટ સર્જીકલ સ્ટ્રાઈક કરવામાં આવશે. રાજ્યના નાગરિકોને સાયબર સુરક્ષિત રાખવા અને સાયબર ગુનેગારોની કમર તોડી નાખવાના ઉદ્દેશ્ય સાથે ગઇકાલે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં વિડિયો કોન્ફરન્સના માધ્યમથી મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન.રાવ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ બેઠકમાં જોડાયા. તમામ શહેરના પોલીસ કમિશનર તેમજ તમામ જિલ્લાના પોલીસ વડાઓ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠકમાં જોડાયા હતા. તેમજ નાગરિકોની પરસેવાની કમાણી સેરવી લેતા સાયબર ઠગો સામે આક્રમક રીતે અભિયાન ચલાવવાની વ્યૂહરચના ઘડાઇ હતી.

..............................

# UPSC SANMAN

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં **UPSC** સિવિલ સર્વિસીસ પરીક્ષા-**2025**માં સફળતા મેળવનાર રાજ્યના **35** યુવા ઉમેદવારોનો સન્માન સમારોહ યોજાયો હતો. પરીક્ષામાં ઉતીર્ણ થયેલા ઉમેદવારો અને તેમના પરિવારજનોને શુભકામનાઓ પાઠવતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે , એક સમય એવો હતો જ્યારે **UPSC** ની આખી યાદીમાં કોઈ એકાદ ગુજરાતીનું નામ ભાગ્યે જ જોવા મળતું પરંતુ , આજે **35** ઉમેદવારોએ આ પરીક્ષા પાસ કરી છે. તેમના કાર્યકાળમાં જ સ્પિપાને વિશેષ મહત્વ આપી અનેક જરૂરી

ફેરફાર કરવામાં આવ્યા હતા. તેમણે **15-20** વર્ષ પહેલાં જે વિઝન રાખ્યું હતું, તેના પરીણામે આજે કોઈપણ રાજ્ય સરકાર દ્વારા ચાલતી સંસ્થાઓમાં સૌથી વધુ એટલે કે **35** ઉમેદવારો એક જ વર્ષમાં પાસ થયા છે.

..............................

## AHM CENCUS

રાજ્યમાં પહેલી જૂનથી વસ્તી ગણતરી પ્રક્રિયાનો વિધિવત પ્રારંભ થયો છે. અમદાવાદ જિલ્લામાં પણ વસતી ગણતરી- **2027** ની પ્રક્રિયાનો પ્રારંભ થતા અમદાવાદના ઇન્ચાર્જ જિલ્લા કલેકટર વિદેહ ખરેએ જિલ્લામાં વસતી ગણતરીની કામગીરી અંગેની તૈયારીઓ અને આયોજનો અંગે વિગતો રજૂ કરી હતી.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વસતી ગણતરીની કામગીરીને સુચારુ , સચોટ અને પારદર્શી રીતે પૂર્ણ કરવા માટે તમામ આગોતરી તૈયારીઓ , મેપિંગ અને સઘન તાલીમ પ્રક્રિયાઓ પૂર્ણ કરી લેવામાં આવી હોવાનું વિદેહ ખરેએ જણાવ્યું હતું.

**BYTE- VIDEH KHARE, I. COLLECTOR, AHMEDABAD**

..............................

## STATE GST INCOME

રાજ્યની જીએસટીની આવકમાં મે માસ દરમિયાન ધરખમ વધારો નોંધાયો છે.. આ આવકમાં **16** ટકાના વધારા સાથે કુલ **7** હજાર **262** કરોડ રૂપિયાની માતબર આવક થઇ છે. આ આવક સરેરાશ રાષ્ટ્રીય દરના **3.2** ટકા ગ્રોથ કરતાં વધુ છે. વેટમાં **2** હજાર **717** કરોડ, વિદ્યુત શુલ્કમાં **998** કરોડ અને વ્યવસાય વેરામાં **22** કરોડની આવક થઇ છે.

..............................

## RAIN DISTRICT

આગામી દિવસોમાં રાજ્યના હવામાનમાં મોટો પલટો આવવાની અગાહીની અસર વિવિધ જિલ્લાઓમાં ગઇકાલે જોવા મળી હતી .

અમદાવાદમાં ગત રાત્રે ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો,ઘણા સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયા હતા.

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેર સહિત આસપાસના વિસ્તારોમાં વાવાઝોડા સાથે વરસાદ વરસ્યો હતો. જેને કારણે વીજળી ડૂલ થતાં અંધારપટ છવાયો હતો.

મહીસાગર જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. કડાણા તાલુકાના માલવણ ધરોડા રોડ પર વૃક્ષ ધરાશાયી થતા બાઇક સવાર બે યુવકો ઇજા પોહંચી હતી. લુણાવાડા જીલ્લા સેવા સદન કચેરીનો એક માર્ગ વૃક્ષ પડવાને કારણે બંધ કરાયો હતો.

છોટાઉદેપુર અને જેતપુર પાવી તાલુકામાં વાતાવરણમાં પલટો આવ્યો હતો . ભારે પવનના કારણે વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતાં.

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ, ચોટીલા, લીંબડી, સહિતના વિસ્તારોમાં ભારે પવનને ગાજવીજ સાથે વરસાદ નોંધાયો.

વલસાડ જિલ્લામાં આજે વહેલી સવારે પવન વચ્ચે વરસાદ તૂટી પડતા વાતાવરણ ઠંડુ બન્યું હતું . જોકે જિલ્લાની આંબાવાડીઓમાં હજુ પણ કેરીનો થોડો પાક બાકી હોઇ ખેડૂતોમાં નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

...............................

# WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ સુધી વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર , આગામી 5 દિવસ દરમિયાન ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પવન સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના હોવાનુ હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યુ હતું.

દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગામી 2 થી 3 દિવસમાં કેરળ અને તમિલનાડુના કેટલાક ભાગોમાં આગળ વધે તેવી સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે. આમ , બે સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થવાને કારણે ગુજરાતમાં આગામી દિવસોમાં ચોમાસા પૂર્વેની ગતિવિધિઓ તેજ બનશે. વાવાઝોડા અને પવનની સ્થિતિને જોતા માછીમારોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

..............................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

..................................

# JEE RESULTS

દેશભરમાં **JEE** એડવાન્સ પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. ત્યારે આ પરીક્ષામાં ટોચ પર રહેલા વિદ્યાર્થીઓએ પોતાના સફળતાના મંત્ર જણાવતા કહ્યું હતુંકે તનતોડ મહેનત જ સફળતાની ચાવી છે.. વાંચનમાં સુસંગતતા , મોક ટેસ્ટ, શિસ્તને કારણે તેમને સફળતા મળી છે.. સુરતની ટોપર્સ ઉન્નતિ જૈને ભારતભરમાં **525**નો રેન્ક મેળવ્યો હતો. તેણે પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું કે, પરિણામથી તે ખુશ છે.

**BYTE- UNNATI JAIN, STUDENT**

…………………………

## DANG - ISHVARSINH PATEL

જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલે ડાંગ જિલ્લાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં ચેકડેમો , ઘોઘલી ઘાટમાર્ગના વિયરો તેમજ પાણી પુરવઠા વિભાગના ચા લી રહેલાં કામો , બાંધકામો અંગે સ્થળ મુલાકાત લઇ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

મંત્રીશ્રીએ સૌ પ્રથમ વઘઇ તાલુકાના ખાતળ ગામે ખાતળ-૩ ચેકડેમની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ આહવા તાલુકાના "તાપી-ડાંગ બલ્ક પાઇપલાઇન યોજના " અંતર્ગત તૈયાર કરવામાં આવી રહેલા સંપની કામગીરીનું તેમજ ઘોઘલી ઘાટમાં કુલ **5** વિયરો અંગે સ્થળ નિરીક્ષણ કરી કામગીરીની વિગતો મેળવી હતી.

…………………………

## PANCHMAHAL COLLECTOR

પંચમહાલ જિલ્લામા પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના  12 વર્ષના સફળ કાર્યકાળ નિમિત્તે આગામી  5 જૂન થી  21 જૂન વિશ્વ યોગ દિસ સુધી વિવિધ લોકકલ્યાણ કાર્યક્રમો યોજાશે. જિલ્લા કલેક્ટર અજય દહિયાની અધ્યક્ષતામાં યોજાયેલી વીડિયો કોન્ફરન્સ બેઠકમાં આયોજનની સમીક્ષા કરવામાં આવી હતી.

જે અંતર્ગત સ્વચ્છતા અભિયાન  , પ્રગતિપથ યાત્રા , વિકસિત ભારત સંકલ્પ સંમેલન, સરકારની સિદ્ધિઓની પ્રદર્શની   ,   જનકલ્યાણ શિબિર  , પ્રાકૃતિક ખેતી કાર્યશાળા અને વિશ્વ યોગ દિવસની ઉજવણી સહિતના કાર્યક્રમો યોજાશે

................................

## ACEDAMIC YEAR

રાજ્યની સરકારી યુનિવર્સિટીઓનું વાર્ષિક આયોજન જાહેર થયું છે.  રાજ્યની કોલેજો પંદરમી જૂનથી શરૂ થશે. જ્યારે પ્રથમ વર્ષના નવા સત્રનો પહેલી જુલાઇથી આરંભ થશે.  મેડિકલ, ઇજનેરી, ફાર્મસી અને પ્રોફેશનલ્સ કોર્ષ સિવાયના અન્ય અભ્યાસક્રમોના શૈક્ષણિક કાર્યનો આરંભ આ કેલન્ડર મુજબ થશે.  બે ડિસેમ્બર સુધી ચાલનારા આ સત્રમાં આઠ ઓક્ટોબરથી      બીજી ડિસેમ્બર સુધી પરીક્ષા આટોપી લેવાની રહેશે. જ્યારે 5 થી 25 નવેમ્બર સુધી દિવાળી વેકેશન રહેશે.

................................

## DWARKA MANGLA AARTI

દ્વારકાધીશ મંદિરમાં પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે યાત્રિકોની ભારે ભીડને ધ્યાને રાખીને  આજથી  15 જૂન સુધી મંગળા  આરતીના સમયમાં ફેરફાર  કરાયો છે. મંદિર સમિતિના વહીવટદાર હિમાંશુ ચૌહાણએ જણાવ્યું કે ,  હવેથી સવારે  સાડા પાંચ વાગ્યે મંગળા આરતી  થશે.

**BYTE - HIMANSHU CHAUHAN , ADMINISTRATOR TEMPLE COMMITTEE**

..............................

# FISHARIES SEASON ENDS

રાજ્યમાં પહેલી જૂન થી 15 ઓગસ્ટ સુધી માછીમારી ની સિઝન બંધ કરી દેવામાં આવે છે ત્યારે માછીમારી નો સિઝન પૂર્ણ થતાં માછીમારો આ સમયગાળા દરમ્યાન તેમની બોટોનું સમારકામ શરૂ કરશે. સિઝન પૂરી થતાં જ માછીમારોએ પોતાની બોટોને બંદર પર લાંગરવાની શરૂઆત કરી દીધી છે .

આ અઢી માસની બંધ સિઝનમાં માછીમારો પોતાની બોટમાં વિવિધ સમારકામ ની કામગીરી કરે છે તેમજ આવતા વર્ષ માટે બોટ માલીકો ખલાસી અને ટંડેલ માટે ની પસંદગી કરી તેઓ સાથે આખા વર્ષનો કરાર કરતાં હોય છે. આમ અઢી માસ દરમિયાન દરિયામાં રહેલ નાની માછલીઓનો પણ વિકાસ થાય છે તેમજ આ અઢી માસ બાદ માછીમારો પોતાની બોટો દ્વારા ફરી માછીમારી કરવા માટે રવાના થાય છે.

..............................

# NAVSARI CHILD LABOUR

નવસારી જિલ્લામાં હાઇ-વે, હોટલો અને **GIDC** વિસ્તારોમાં જિલ્લા ટાસ્ક ફોર્સની ટીમે દરોડા પાડી 14 બાળ કામદારોને મુક્ત કરાવ્યા હતા.નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન અને અધ્યક્ષતા હેઠળ જિલ્લા ટાસ્ક ફોર્સની ટીમે વિવિધ વિસ્તારોમાં આકસ્મિક રેડ અને રેસ્ક્યુની સઘન કામગીરી હાથ

ધરી 14 બાળ કામદારોને મુક્ત કરાવી સાત એકમો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

નવસારી જિલ્લા ટાસ્ક ફોર્સની ટીમે બે દિવસીય વિશેષ ઝુંબેશ દરમિયાન બીલીમોરા, કબિલપોર અને નવસારી ઉદ્યોગનગર તેમજ હાઇ-વે અને જી.આઈ.ડી.સી જેવા વિસ્તારોમાં કાર્યરત વિવિધ ઔદ્યોગિક એકમો , ગૃહ ઉદ્યોગો, હોટલો, રેસ્ટોરન્ટો, ઢાબા તેમજ ચા-લારીના ગલ્લાઓ પર ટીમો દ્વારા આકસ્મિક સ્થળ તપાસ કરી કાયદાનું ઉલ્લંઘન કરીને તરૂણો પાસે આકરી મજૂરી કરાવતા કુલ 7 એકમો ઝડપાયા હતા, જ્યાંથી 14 તરૂણ શ્રમયોગીઓને કામ પરથી મુક્ત કરાવી રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા.

આ ગેરકાયદેસર પ્રવૃત્તિ બદલ તરૂણ શ્રમયોગી રાખતી સંબંધિત તમામ સંસ્થાઓ અને માલિકો સામે જે-તે વિભાગને લગતા નિયમોનુસાર કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

..............................

# MEHSANA SEATS ADMISSION

મહેસાણાની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા -ITI માં કુલ 5 હજાર 256 બેઠક માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાઇ. બે વર્ષના અભ્યાસક્રમ માટે આગામી 23 જૂન સુધી ઓનલાઈન અરજી કરી શકાશે. વિસનગર નોડલ હેઠળ 6 અને મહેસાણા નોડલ હેઠળ 4 ITI માં આ બેઠકો હાલ ઉપલબ્ધ છે.

..............................